७००८

॥ श्रीः ॥

ग्रहगोचर ज्योतिष.

संस्कृत श्लोक साथे गुजरातीमां भाषान्तर
करावी विद्यार्थीओना उपयोग माटे
छपावी प्रसिद्ध करनार.

हरगोवनदास हरजीवनदास

पुस्तकवाळा.

प्रथम आवृत्ती. प्रत. १०००

अमदावाद.
धी डायमंड ज्युबिली प्रीन्टींग प्रेस.

संवत १९५५—सने १८९९

कींमत. ०—२—०

॥ श्रीः ॥

ग्रहगोचर ज्योतिष.

संस्कृत श्लोक साथे गुजरातीमां भाषान्तर
करावी विद्यार्थीओना उपयोग माटे
छपावी प्रसिद्ध करनार.

हरगोवनदास हरजीवनदास
पुस्तकवाळा.

प्रथम आवृत्ती. प्रत. १०००

अमदावाद.
धी डायमंड ज्युबिली प्रीन्टींग प्रेस.

संवत १९५५—सने १८९९

कीमत. ०—२—०

શ્રી

પ્રિયવર પાઠકગણો પ્રત્યે અભ્યર્થના.

અહા ! જ્યાં દૂતનો પણ સંચાર થઇ શકે નહીં, તથા જ્યાંથી કોઈ પ્રકારની વાર્ત્તા કે સંદેશો આવી શકે નહીં, તેમજ જેની સંગાથે કોઇ પણ પ્રકારનો સંગમ–મેલાપ પણ થતો નથી; છતાં પણ આકાશમાં સ્થિત રહેલા સૂર્યાદિ નવગૃહો નક્ષત્રો તથા તેના ઉદય અસ્તપણાને અને વક્ર કે માર્ગ ગતિને પૃથ્વી ઉપર રહેલા વિદ્વદ્જનો પૂર્ણપણે જ્યોતિષવિદ્યાના બળથી અંતરીક્ષના ભાવને જાણી શકેછે. ખરેજ આ–ર્યવિદ્યાના ઉત્પાદકોને અનંતાનંત અભિવંદન છે ! !

આર્યભ્રાતૃગણો ! એ જ્યોતિષવિદ્યા રૂપી અગાધ સમુદ્ર છે અને જેમાં અનેક વિષયોરૂપ જળતરંગો પ્રકાશમાન છે, પણ શું તે સ-ર્વનો અનુભવ લઇ શકાય છે ? કાંઇજ નહીં. કિંચિત્ કિંચિત્ પ્રચ-લિત વિષયો ક્યાંક ક્યાંક દ્રષ્ટિગોચર થાયછે અને બાકીના તો ખરૂં જોતાં આર્યવાસિઓ અલક્ષ્મીના આશ્રિત થવાના કારણથી ચમત્કારિક વિષયો પોતાના હાથથી ગુમાવી બેઠા છે એ ખરેખર શોચનીય પ્રદ પ્રકાર છે ! સામ્પ્રાત કાળમાં માત્ર આનંદદાયી એટલીજ વાર્તા છે કે, શ્રીમાન્ ભારતેશ્વરીજીના રાજ્યપ્રતાપના શોધવડે મુદ્રાયંત્રો થવાથી કેટલા અપ્રચલિત ગ્રન્થો મુદ્રાંકીત થયા છે અને હજુ દિન પ્રતિદિન થતા જાય છે તથાપિ દ્વાદશભુવનમાં રહેલા ગ્રહોનું ઉત્તમ મધ્યમ અને અધમ ફળ, તથા નાની મોટી પનોતીનું ફળ, નવેગ્રહો રાશી ઉપર આવ્યા છતાં ક્યારે સારૂં વા નઠારૂં ફળ આપે છે. કેટલા મહિના કે દિવસ લગી તેઓ એક રાશી ઉપર સ્થિત રહેછે, ક્યા પાયામાં પનોતી

બેઠી છે વા તેનું શું ફળ મળશે? તેમજ ગ્રહો નડતા હોય ત્યારે શાનું દાન આપવું તથા શું કરવાથી તેઓ સંતુષ્ટ થાય છે? દિનદશાની ગતિ સ્થિતિ તથા ફળ, ચોરાયલી વસ્તુ કોણે લીધી, કઇ દિશામાં ગઇ? ગ્રહોનું રાશિ ઉપરથી ઉચ્ચનીચપણું તથા તેના અંશો અનેપિત્રાદિ દોષ વિચારના પ્રશ્ન ફળો તથા બાળકના પ્રસવ સમય લગ્ન કુંડળી ઉપરથી થતાં અનુમાનો વગેરે વગેરેનું સ્ફૂટ વિવેચન સાધારણ મનુષ્યો પણ વિના પરિશ્રમે પોતાની મેળેજ જાણી શકે તેવું ગુજરાતિ ટીકામાં આવી ઢબથી **સટીક ગ્રહગોચર** અદ્યાપિપર્યંત પ્રકાશિત થયેલું નહોતું તેથી મેં નવે ગ્રહોની મૂર્ત્તિઓ સાથે શુદ્ધ અને સરલ ભાષામાં છપાવી પ્રકટ કરેલ છે તે દ્વારા સુજ્ઞસજ્જન ગૃહસ્થો પોતાની કામના સફળ કરી મારા શ્રમને સાફલ્ય કરશો. કિમ્ બહુ લેખનેન?

અમદાવાદ.
સૌભાગ્યપંચમી

પ્રકાશક.
આર્યબંધુઓનો કૃપાભિલાષિ.
હરગોવનદાસ હરજીવનદાસ
બુકસેલર.

॥ श्री गणेशायनमः ॥

॥ अथ श्री सटीक ग्रहगोचर प्रारम्यते ॥

॥ मंगलाचरणम् ॥

॥ अनुष्टुपवृत्तम् ॥

गणेशं भारती नत्वा गुरूपादांबुजं तथा ॥
वक्ष्येऽहं पूर्वशास्त्रोक्तं ग्रहराशिगतं फलम् ॥ १ ॥

અર્થ—પ્રથમ ગ્રંથકર્તા મંગલાચરણ કરેછે કે હું ગણપતિને, સરસ્વતીને તથા ગુરૂના ચરણ કમળને નમસ્કાર કરીને પૂર્વના શાસ્ત્રોમાં કહેલું રાશિને વિષે પ્રાપ્ત થયેલા ગ્રહોનું ફળ કહું છું. ॥૧॥

यस्य मूर्ध्नींदुरेखा च वलयं आखुभुगपि ॥
तं नमस्कृत्य देवेशं टीका पूर्वा विक्रियते ॥२॥

અર્થ—જેમના મસ્તકને વિષે ચંદ્રની રેખા અને હસ્તને વિષે સર્પના આકારનું બાજુબંધ, શોભિ રહ્યાં છે એવા તે દેવના દેવ શ્રી શંકરને નમસ્કાર કરીને હું પૂર્વે કોઇ વખત પણ જેવી ટીકા નહિ કરેલી તેવી ટીકા કરૂં છું. ॥૨॥

॥ अथ सूर्यफलम् ॥

॥ मालिनीवृत्तम् ॥

सहजं दशमं षष्ठ लाभगे याति सूर्ये ।
धनयशनृपमान्यं सर्वकार्येषु सिद्धिः ॥
शुभमति मखिलार्थं बंधुवर्गेऽपिसौख्यं ।
सुतसुखधनलाभं पुण्यवृद्धिं करोति ॥१॥

અર્થ—પ્રથમ કઈ રાશિનો સૂર્ય ચાલેછે તેનો નિશ્ચય કરવો. પછી હરકોઇ માણસે પોતાની રાશિથી ચાલતી રાશિના સૂર્ય સુધી ગણવું, તેમાં ત્રીજો, છઠો, દશમો કે અગ્યારમો સૂર્ય આવે તો શ્રેષ્ટ (સારો) જાણવો. તે શ્રેષ્ટ સૂર્યનું ફલ નીચે પ્રમાણે; ધન તથા યશની પ્રાપ્તિ થાય, રાજા તરફથી માન્ય મળે, સર્વ કાર્યમાં સિદ્ધિ થાય, ઉત્તમ બુદ્ધિનો લાભ થાય, પુષ્કળ દ્રવ્ય સહિત કુટુંબ વર્ગને વિષે સુખ પ્રાપ્ત થાય; તેમજ પુત્રનુ સુખ, ધનનો લાભ અને પુણ્યની વૃદ્ધિ પણ એ શ્રેષ્ટ સૂર્યજ કરે છે. ॥૧॥

॥ इंद्रवज्रावृत्तम् ॥

जन्मांत्य सप्ता द्वि चतुर्थ संस्थो ।
पंचा ष्टके वै नवमेऽपिभानुः ॥

रोगं च शोकं भयमग्निपीडाम् ।
व्याधिप्रवासं कुरुतेऽर्थहानिम् ॥२॥

અર્થ—હરકોઈ માણસને પોતાની રાશિથી ગણતાં પહેલો, બીજો, ચોથો, પાંચમો, સાતમો, આઠમો, નવમો અને બારમો સૂર્ય આવે તો તે નેષ્ટ (નઠારો) જાણવો. તેનું ફલ નીચે પ્રમાણે; શરીરને વિષે રોગ ઉત્પન્ન કરે, તેમજ શોક, ભય અને અગ્નિ સંબંધી પીડા ઉપજાવે; વળી વ્યાધિ, પ્રવાસ અને દ્રવ્યની હાનિ પણ કરે છે. ॥ ૨ ॥

॥ अथ चंद्रफलम् ॥

जन्म[1] त्रि[3] सप्त[7] द्वि[2] दशाय[10/11]संस्थो ।
षष्ठो[6] विधुश्चापि करोति लाभं ॥
द्रव्यागमं मित्रसमागमं च ।
सद्बुद्धिवृद्धिं द्विजदेवभक्तिम् ॥३॥

અર્થ—હરકોઇ માણસને પોતાની રાશિથી ગણતાં પહેલો, બીજો, ત્રીજો, છઠો, સાતમો, દશમો અને અગ્યારમો ચંદ્ર આવે તો તે શ્રેષ્ઠ છે. તે શ્રેષ્ઠ ચંદ્ર દ્રવ્યનો લાભ કરે છે, વળી મિત્રનો સમાગમ, શ્રેષ્ટ બુદ્ધિની વૃદ્ધી અને બ્રાહ્મણ તથા દેવની ભક્તિ કરાવે છે. ॥ ૩ ॥

॥ वसंततिलकावृत्तम् ॥

धर्माब्धिगश्च सुतरंध्रगतो व्ययस्थो ।
द्रव्यार्थहानि मखिलं कुरुतेऽपि चंद्रः ॥
चौराग्नि भीतीवधबंधयुतं करोति ।
हानिवियोगभयदुःखयुतं करोति ॥४॥

અર્થ—હરકોઈ માણુસને પોતાની રાશિથી ગણતાં ચોથો, પાંચમો, આઠમો, નવમો અને બારમો ચંદ્ર આવે તો તે નેષ્ટ જાણવો; તે ચંદ્ર સર્વ દ્રવ્યની હાનિ, ચોર તથા અગ્નિનો ભય, શસ્ત્રથી પીડા, બંધન, હાનિ, વિયોગનો ભય, અને દુઃખ પણ કરેછે. ।૪।

॥ अथ भोमफलम् ॥

॥ इंद्रवज्रावृत्तम् ॥

त्रिषष्ठे च लाभे धरणियुतः स्यात् ।
गोभूहिरण्यांबर लाभकारी ॥
शत्रुक्षयं राजकृपां विधत्ते ।
चारोग्य सौख्यं विविधं करोति ॥५॥

અર્થ—હરકોઇ માણસને પોતાની રાશિથી ગણતાં ત્રીજો,

છઠો અને અગ્યારમો મંગળ હોય તો તે શ્રેષ્ઠ મંગલ જાણવો. તે ગાય, પૃથ્વી, સુવર્ણ તથા વસ્ત્રનો લાભ કરે છે તેમજ શત્રુનો ક્ષય કરે છે. રાજ્યની કૃપા થાય છે વળી શરીરે સુખ અને વિવિધ પ્રકારના વૈભવને પણ પ્રાપ્ત કરે છે. ॥૫॥

आर्यावृत्तम् ॥

१ ४ ५ १२ ७ ८ ९ २ १०

जन्माब्धिपंचमद्वादशसप्ताष्टनवमोद्वितियेदशमेऽपि।
व्याधिं विदेशागमनं मित्रविरोधं कुजः कुरुते ॥६॥

અર્થ—હરકોઇ માણસને પોતાની રાશિથી ગણતાં પેહેલો, બીજો, ચોથો, પાંચમો, સાતમો, આઠમો, નવમો, દશમો, અને બારમો મંગળ હોય તો તે નેષ્ટ મંગલ છે. તે વ્યાધિ ઉત્પન્ન કરે, પરદેશ ગમન કરાવે અને મિત્રની સાથે વિરોધ પણ કરાવે છે. ॥૬॥

॥ अथ बुधफलम् ॥

॥ ईंद्रावज्रावृत्तम् ॥

११ २ ६ १० ४

लाभे द्वि षष्ठे दशमे चतुर्थे,
८
रंध्रे बुधश्चापि करोति लाभम् ॥
सौभाग्य सौख्यं मनसोऽपि हर्षं ।
चार्थागमं कांतिविवर्धनं च ॥७॥

અર્થ—હરકોઇ માણસને પોતાની રાશિથી ગણતાં બીજો, ચોથો, છઠો, આઠમો, દશમો, અને અગ્યારમો બુધ હોય તો તે શ્રેષ્ઠ બુધ છે. તે ભાગ્યનો ઉદય કરે, સુખ તથા મનને વિશે હર્ષ ઉત્પન્ન કરે, તેમજ દ્રવ્યનો લાભ અને કાંતિની વૃદ્ધિ કરેછે. ૧૭

॥ शार्दुल विक्रीडित वृत्तम् ॥

૧ ૧૨ ૫ ૯ ૭ ૩

जन्म द्वादश पंचमेऽपि नवमे द्यूने तृतीयेऽपिवा।
सौख्यस्यापि विनाशनं प्रकुरुते द्रव्यार्थहानिंबुधः।
भ्रातुश्चापि विरोध शोकनभयं चांगेपि कष्टं महत्
नानाशत्रुभयं सदैवमसुखं व्याधिं वियोगं तथा॥८॥

અર્થ—હરકોઈ માણસને પોતાની રાશીથી ગણતાં પેહેલો, ત્રીજો, પાંચમો, સાતમો, નવમો અને બારમો બુધ હોય તો તે નેષ્ટ બુધ છે. તે સુખનો નાશ અને દ્રવ્યની હાની કરે છે તેમજ ભાઈઓની સાથે વિરોધ, શોક, ભય અને દેહને વિષે મ્હોટું કષ્ટ ઉત્પન્ન કરેછે. વળી નાના પ્રકારના શત્રુનો ભય, નિરંતર દુઃખ, શરીર સંબંધી પીડા તથા વિયોગ પણ પ્રાપ્ત કરેછે. ॥૮॥

॥ अथ गुरुफलम् ॥

॥ भुजंगप्रयात वृत्तम्

૨ ૯ ૧૧ ૫ ૭

द्वि धर्मे चलाभे सुते सप्तमे स्यात्

गुरुर्लाभकारी क्रये विक्रयेऽपि ॥
प्रतिष्ठाविवृद्धिं तथा बुद्धिवृद्धिं ।
करोत्यर्थलाभं सुखं संपदश्च ॥९॥

અર્થ—હરકોઇ માણસને પોતાની રાશિથી ગણતાં બીજો, પાંચમો, સાતમો, નવમો અને અગ્યારમો ગુરૂ હોય તો તે શ્રેષ્ટ ગુરૂ જાણવો; તે લેહેણા દેણાને વિષે લાભ કરે પ્રતિષ્ટાની તથા બુદ્ધિની વૃદ્ધિ કરે તેમજ દ્રવ્યનો લાભ, સુખ અને સંપત્તિ પણ નિશ્ચય પ્રાપ્ત કરેછે. ॥૯॥

आर्या वृत्तम्

१२ १० ४ १ ६ ८ ३
द्वादश दशम चतुर्थो जन्मनि षष्ठाष्टमे तृतीयेऽपि ।
व्याधिं विदेश गमनं मित्रविरोधं सुरगुरुःकुरुते॥१०॥

અર્થ—હરકોઇ માણસને પોતાની રાશિથી ગણતાં પેહેલો, ત્રીજો, ચોથો, છઠો, આઠમો, દશમો અને બારમો ગુરૂ આવે તો તે નેષ્ટ ગુરૂ છે. તે દેહને વિશે પીડા ઉત્પન્ન કરે, પરદેશ ગમન કરાવે અને મિત્રોની સાથે વિરોધ પણ કરાવે. ॥૧૦॥

॥ अथ शुक्रफलम् ॥

उपेंद्रवज्रा वृत्तम् ॥

२ ६ ११ ८ ५
द्विधर्म लाभाष्टमगे सूते स्यात् ।

१२ ३ १

व्ययाख्य वन्हि प्रथमेऽपि शुक्रः ॥

चतुर्थगश्चापि समागमं च ।

सत्पुत्रवर्गादिसुखं करोति ॥ ११ ॥

અર્થ—હરકોઇ માણસને પોતાની રાશિથી ગણતાં પેહેલો, બીજો, ત્રીજો, ચોથો પાંચમો, આઠમો, નવમો, અગ્યારમો અને બારમો શુક્ર આવેતો તે શ્રેષ્ટ શુક્ર છે. તે શ્રેષ્ટ મનુષ્યોની સાથે મેળાપ કરાવે છે અને સત્પુત્ર વિગેરે સુખને પણ પ્રાપ્ત કરાવેછે. ૧૧

॥ रथोद्धतावृत्तम् ॥

१० ७ ६

कर्म सप्त रिपुगो शुभो स्मृतो ।

रोग शोकमपि दत्तवान् भृगुः ॥

कार्यनाशनमथो महापदं ।

स्त्री विरोधमपि रोगतां सदा॥ १२ ॥

અર્થ—હરકોઈ માણસને પોતાની રાશિથી ગણતાં છઠો, સાતમો અને આઠમો શુક્ર આવે તો તે નેષ્ટ શુક્ર છે. તે શરીરે રોગ તથા શોક ઉત્પન્ન કરે, ધારેલા કાર્યનો નાશ કરે, મહા આપત્તિમાં પાડે તેમજ સ્ત્રીની સાથે નિરંતર વિરોધ અને રોગી પણું પણ પ્રાપ્ત કરાવે. ॥૧૨॥

॥ अथ शनि फलम् ॥

शैल वृत्तम् ॥

३ ६ ११
त्रिषष्ठे च लाभे शनिश्चापि सौख्यं ।
ततो लाभकारी हिरण्यांबराणि ॥
नृपान्मित्रपक्षा ज्जयं चार्थलाभं ।
करोत्यर्थलाभं सुखं संपदश्च ॥ १३ ॥

અર્થ—હરકોઇ માણસને પોતાની રાશિથી ગણતાં ત્રીજો, છઠો કે અગ્યારમો શની આવે તો તે શ્રેષ્ટ શનિ જાણવો; તે દ્રવ્ય અને વસ્ત્ર વિગરેનો લાભ કરેછે તથા રાજાતરફથી અથવા મિત્રપક્ષથી જય ઇષ્ટ વસ્તુનો લાભ, સુખ, અને સંપત્તિ, પણ પ્રાપ્ત થાયછે. ॥૧૩॥

गीतिवृत्तम् ॥

१२ १ ४ ५ ८ १० २ ७ ९
द्वादशजन्म चतुर्थ, पंचाष्टदश द्विसप्त नवमेऽपि ॥
स्वजनस्यापि कलहं द्रव्यार्थहानि मर्कजः कुरुते॥ १४॥

અર્થ-હરકોઈ માણસને પોતાની રાશિથી ગણતાં પેહેલો, બીજો, ચોથો કે પાંચમો, વળી સાતમો, આઠમો, નવમો, દશમો કે બારમો સૂર્યનો પુત્ર (શનિ) આવે તો તે નેષ્ટ શનિ જાણવો; તે સ્વજનોની સાથે કલેશ કરાવે, તથા દ્રવ્યની હાનિ કરેછે ।૧૪।

अथ राहुफलम्

॥ द्रुत विलंबितवृत्तम् ॥

३ ६ १० ११ १ ९
उपचये प्रथमे नवमे तमो ।
दिशति पुत्र कलत्रधनागमं ॥
२ ५ ८ ७
द्वितीय पंचमरंध्रमुनिस्थितो
४ १२
हिबुकरिफ्फगतो मरणं ध्रुवं ॥ १५ ॥

અર્થ—હરકોઇ માણસને પોતાની રાશિથી ગણતાં પેહેલો, ત્રીજો, છઠો, નવમો, દશમો અને અગ્યારમો રાહુ આવે તો તે શ્રેષ્ઠ રાહુ છે; તે પુત્ર, સ્ત્રી અને દ્રવ્યના લાભરૂપ સુખ આપે પણ બીજો, ચોથો, પાંચમો, સાતમો આઠમો અને બારમો હોય તો તે નેષ્ટ રાહુ છે; તે નિશ્ચય મરણ પ્રાપ્ત કરે. ॥૧૫॥

॥ अथ ह्रस्व शनिफलम् ॥

॥ शार्दूल विक्रीडितवृत्तम् ॥

कल्याणी खलु वियच्छति रविसुतो राशौ चतुर्थाष्टमे।
व्याधिं बंधुविरोध देशगमनं क्लेशं च चिंताधिकं ॥

---

૧ રાહુનું તથા કેતુનું ફળ એકજ સમજવું.

मृत्युश्चैव करोति चापिमनुजं दुःखानि वन्हिर्भयम्।
लोहं शस्त्रभयं सदैवमसुखं कुर्यादसौसर्वदा ॥ १६ ॥

અર્થ—હરકોઈ માણસને પોતાની રાશિથી ગણતાં ચોથો અથવા આઠમો શની આવે તો તેને ન્હાની પનોતિ જાણવી મહા ભયંકર દુ:ખ આપનારી તથા વિંછિના સરખી વેદના કરનારી તે પનોતી જે માણસને પ્રાપ્ત થઇ હોય તેને રોગ થાય બાંધવોની સાથે વિરોધ કરાવે પરદેશ ગમન કરાવે કલેશ અને અત્યંત ચિંતા ઉપજાવે. તેમજ દુઃખ, અગ્નિનો ભય અને મૃત્યુ પણ નિપજાવે વળી લોહાદિ શસ્ત્રનો ભય અને નિરંતર અસુખ (દુઃખ) પણ કરે. ॥૧૬॥

॥ अथ दीर्घशनिफलम् ॥

॥ शार्दुल विक्रीडितम् ॥

१२ १ २
राशौ द्वादश मूर्ध्नि जन्महृदये पादौ द्वितीयेशनिः।
नाना क्लेश करोति दुर्जन भयं पुत्रान्पशुन् पीडनं॥
हानिःस्यान्मरणं विदेशगमनं शौख्यं च साधारणं।
४ ८
रामारिध्यविनाशनं प्रकुरुते तुर्याष्टमेवाथवा ॥ १७॥

અર્થ—હરકોઈ માણસને પોતાની રાશિથી ગણતાં શનિ બારમો આવે તો મસ્તકને વિશે પનોતિ જાણવી, પહેલો આવે તો છાતિએ જાણવી તથા બીજો આવે તો પગે જાણવી; આ

મ્હોટી પનોતિ એકંદર સાડાસાત વર્ષ સુધિ રહેછે. એ મ્હોટી પનોતિ ન્હાના પ્રકારના કલેશ, દુર્જનનો ભય, અને પુત્ર તથા પશુને પીડા કરેછે. દ્રવ્યનો નાશ, મરણ, પરદેશ ગમન, તેમજ સાધારણ સુખ કરેછે વળી સ્ત્રી અને દ્રવ્યનો નાશ પણ કરે છે. એજ પ્રમાણે ન્હાની પનોતી હોય તોપણ થાયછે. ॥૧૭॥

अथ सर्वगृहाणां फलस्य नियमाः

॥ वशंत तिलकावृत्तम् ॥

रास्यादिगौ रविकुजौ फलदौ सितेज्यौ ।
मध्ये सदा शशिसुतश्च रमेऽजमंदौ ॥
अध्वान्नवन्हि भयसन्मति वस्त्रसौख्यं ।
दुःखानि मासिजनिभे रविवासरादौ ॥ १८ ॥

અર્થ—પૂર્વની પેઠે અનુક્રમે ગણતાં સૂર્ય અને મંગળ, રાશિ ઉપર આવ્યા પહેલા સારૂ યા નઠારૂ ફળ આપે છે. અને શુક્ર તથા ગુરૂ રાશિ ઉપર આવ્યા પછી અર્ધા દિવસો ગયા કેડે ફળ આપે છે વળી જે માણસનો જન્મ જે નક્ષત્રમાં થયો હોય તેજ નક્ષત્ર ચાલતાં પંચાંગમાં રવિવારને દિવસે આવે તો પરદેશ ગમન કરાવે, ચંદ્રવારને દિવસ બેસતું હોય તો અન્ન મળે, મંગળવારે બેસતું હોય તો અગ્નિનો ભય થાય, બુધવારે બેસતું હોય તો સારી બુદ્ધિ પ્રાપ્ત થાય, ગુરૂવારે બેસતું હોય તો વસ્ત્રનો લાભ થાય શુક્રવારે બેસતું હોય તો શરીરે સુખ મળે અને શનીવારે બેસતું હોય તો દુઃખ પ્રાપ્ત થાય છે. ॥૧૮॥

॥ अनुष्टुप्वृत्तम् ॥

मासं शुक्रबुधादित्याः सार्धमासं तु मंगलः
त्रयोदशगुरुश्चैव सपादा द्धि दिनेशशीः ॥१९

અર્થ—શુક્ર, બુધ તથા સૂર્ય પ્રત્યેક રાશિને એક માસ સુધી ભોગવે છે. અને મંગળ દોઢ માસ સુધી ભોગવેછે. ગુરૂ તેર માસ (એક વર્ષ અને એક માસ) સુધી ભોગવે છે. ચંદ્ર સવા બે દિવસ ભોગવે છે. ॥૧૯॥

राहुरष्टादशान्मासान् त्रिशन्मासान् शनिश्चरः ॥
यथाराहुस्तथाकेतु राशिभुक्ताप्रकिर्तिताः॥२०॥

રાહુ અઢાર માસ (૧ વર્ષ ૬ માસ) ભોગવે છે. શનિ ત્રીશ માસ (બે વર્ષ ૬ માસ) ભોગવે છે કેતુ રાહુની પ્રમાણેજ રાશિને ભોગવે છે. ॥૨૦॥

सू	चं	मं	बु	बृ	शु	श	रा	के	ग्रह
०१	००	१॥	०१	१३	०१	३०	१८	१८	महीं०
००	२।	००	००	००	००	००	००	००	दिन
०० ०१ ००	०० ०० २।	०० ०१ १५	०० ०१ ००	०१ ०१ ००	०० ०१ ००	०२ ०६ ००	०१ ०६ ००	०६ ०६ ००	योग

उपजातिवृत्तम्.

जन्मे[१] रसे[६] रुद्र[११] सुवर्ण पादौ
द्वि[२] पंच[५] नंदा[९] रजतं शुभं च ॥
त्रि[३] सप्त[७] दिक्[१०] ताम्रपदं वदंति
चतुष्ट[४] म[८] र्कादिति[१२] लोह कष्टम् ॥२१॥

અર્થ—પનોતીના ચાર પાયા છે. સોનાનો, રૂપાનો, ત્રાંબાનો અને લોઢાનો તેમાં જ્યારે શનિ બદલાતો હોય ત્યારથી હરકોઇ માણસને પોતાની રાશીથી ગણતાં પેહેલો, છઠો અને અગ્યારમો શની આવે તો સોનાને પાયે પનોતિ જાણવી. તેમજ બીજો, પાંચમો અને નવમો શની હોય તો રૂપાને પાયે પનોતી જાણવી. ત્રીજો, સાતમો અને દશમો શની હોય તો ત્રાંબાને પાયે જાણવી. અને ચોથો, આઠમો તથા બારમો શની હોય તો લોઢાને પાયે પનોતિ જાણવી. તે બહુ દુઃખ આપનારી છે. ॥ ૨૧ ॥

॥ अथ सुवर्णपादश्यफलम् ॥

उपजाति वृत्तम्

कुटुंबरोधं बहु रोग युक्तं
क्लेशोदयं चैव करोति नित्यं ॥

द्रव्यार्थ नाशं बहुलं करोति ।
सुवर्ण पादे स्वजने विरोधम् ॥२२॥

અર્થ--સુવર્ણને પાયે બેઠેલી નેષ્ટ પનોતી કુટુંબમાં વિરોધ કરાવે, નિરંતર અનેક પ્રકારના રોગ તથા ક્લેશ ઉત્પન્ન કરે, તેમજ દ્રવ્યનો નાશ અને સ્વજનમાં વિરોધ કરાવે. ॥ ૨૨ ॥

॥ अथ रूप्यपादफलम् ॥

व्यापार मुग्रं धनधान्य संपति
महत्प्रतापो खलु राज्यमानं ॥
तद्वर्षमध्ये सुख संपदाप्तिः
स्यान्मंगलानि यदि रोप्यपादं ॥२३॥

અર્થ--જો રૂપાને પાયે પનોતિ બેઠી હોયતો તે શ્રેષ્ટ જાણવી; તે ઘણા ધન ધાન્યની સંપત્તિ પ્રાપ્ત કરે; વળી તેથી મ્હોટો પ્રતાપી તથા રાજ્ય માન પણ થાય, વળી તે વર્ષ મધ્યે સુખ સંપત્તિની પ્રાપ્તિ અને મંગળ કાર્ય કરે ॥ ૨૩ ॥

अथ ताम्रपाद फलम्

अनंतलक्ष्मीःप्रकरोति लाभं ।
कलत्र पुत्रो सुख संपदाप्तिः ॥
लाभोदयंश्चैव करोति सौख्यं ॥
ताम्रस्यपादो सुखदो भवंति ॥ २४ ॥

અર્થ—ત્રાંબાને પાયે બેઠલી શ્રેષ્ટ પનોતીથી લક્ષ્મીનો બહુ લાભ થાય, તેમજ સ્ત્રી પુત્ર સંબંધિ સુખની પ્રાપ્તિ થાય. લાભનો ઉદય થાય અને સુખ પણ મળે અર્થાત ત્રાંબાને પાયે બેઠલી પનોતિ સુખને આપનારી છે ॥ ૨૪ ॥

॥ अथ लोहपादफलम् ॥

शरीर पीडा रुधीर प्रकोपं ।
कलत्रपुत्रो पशु पीडनं च ॥
व्यापार नाशं नृपति भयं च
लोहस्यपादे निर्धनं भवंति ॥२५॥

અર્થ—લોઢાને પાયે નેષ્ટ પનોતી બેઠી હોય તો શરીરે, પીડા, રૂધીરનો પ્રકોપ, સ્ત્રી, પુત્ર અને પશુને પીડન, વ્યાપારનો નાશ, રાજાનો ભય અને દ્રવ્યનો નાશ થાય છે ॥૨૫॥

॥ अथ गृह दानानि ॥

अथ सूर्यदानम्

माणिक्य गोधूमसवत्स धेनुं। कौसुंभवस्त्रं गुडहेमताम्रं ॥ आरक्तकं चंदन पंकजं च ददातिदानं हि प्रदीप्तधाम्ने ॥२६॥

रवि ॥ १ ॥

१ माणिक।
२ घऊं।
३ सवत्सा गाय
४ रातु वस्त्र।
५ गोळ।



६ सुवर्ण।
७ तांबु।
८ रक्त चंदन।
९ कमळ।

मध्य वर्त्तुल मंडळ, अं. १२, कलिंदेशमां जन्म, काश्यपगोत्र, रातो वर्ण, सिंहराशीनोस्वामी जप ७०००

અર્થ—માણિક, ઘઉં, વાછરડા સહિત ગાય, રાતુ વસ્ત્ર, ગોળ, સુવર્ણ, તાંબુ, રકત ચંદન અને કમળ એ સર્વેનું દાન સૂર્યને અર્થે આપવું; જેથી સૂર્ય સંબંધી પીડા નાશ થાયછે. ૨૬

अथ चंद्रदानम्

सद्वंशयात्रे स्थित तंडुलां श्च । कर्पुरमुक्ताफल शुभ्र वस्त्रं ॥ गावोपयुक्तं वृषभं च रौप्यं । चंद्राय दद्यात घृतपूर्ण कुंभं ॥ २७ ॥

चंद्रमा ॥ २ ॥

१ वांसनुं पात्र ।
२ चोखा ।
३ कपुर ।
४ मोती ।



५ धोळु वस्त्र ।
६ गाय या बळद ।
७ रुपु ।
८ घीनो भरेलो माटीनो घडो ।

अग्निकूणमां चोखंडुं मंडळ, अं. ४, जमुनाना प्रदेशमां जन्म, आत्रेयस् गोत्र, धोळोवर्ण, कर्कराशीनोस्वामी जप ११०००

અર્થ—વાંસના પાત્રમાં ભરીને ચોખા, કપુર, મોતી, શ્વેતવસ્ત્ર, ગાય સહિત વાછરડો રૂપુ અને ઘીનો ભરેલો માટીનો ઘડો એ સર્વનું દાન ચંદ્રને અર્થે આપવું; જેથી ચંદ્ર સંબંધી પીડા નાશ થાય છે. ॥ ૨૭ ॥

अथ भौमदानम्

प्रवाल गोधूम मसूरिकाश्च । वृषारुणं चापिगुडं

सुवर्ण॥ आरक्तवस्त्रं करवीरपुष्पं। ताम्रंहि भौमाय वदंति दानं॥ २८॥

मंगल ॥ ३ ॥

१ प्रवाल।
२ घऊं।
३ मसुरनी दाळ।
४ रातो वृषभ।
५ गोळ।



६ सुवर्ण।
७ रातु वस्त्र।
८ करेणानुं पुष्प।
९ ताम्रपात्र।

दक्षिणमां त्रिकोण मंडळ, अं. ३, अवंतिदेशमां जन्म, भारद्वाज गोत्र, रक्तवर्ण, मेष राशिनोस्वामी जप ११०००

અર્થ—પ્રવાળ, ઘઊં મસુરની દાળ, રાતો વૃષભ, (બળદ) ગોળ, સુવર્ણ, રાતું વસ્ત્ર રાતી કરેણનું પુષ્પ અને તામ્રપાત્ર એ સર્વનું મંગળને અર્થે દાન કરવું કહેલું છે. ॥૨૮॥

अथ बुधदानम्

चैलं च नीलं कलधौतकांस्यं। मुद्गाँश्च गोरोत्तमगंधपुष्पं॥ दासीं च दत्वा द्विजहस्तके च। वदंति दानं विधुनंदनाय॥ २९॥

बुध ॥ ४ ॥

१ काळुं वस्त्र ।
२ उज्वल कांसु ।
३ मग ।



४ गाय ।
५ सुगंधीदार पुष्प ।
६ दासी ।

ईशानकूणमां बाणाकार मंडण अं. ४, मगधदेशमां जन्म, आत्रेयस गोत्र, पीळोवर्ण, कन्या तथा मिथुन राशिनो स्वामी, जप ४०००

અર્થ—કાળું વસ્ત્ર, ઉજ્વલ કાંસુ, મગ, ગાય, સુગંધીદાર પુષ્પ, અને દાસી એટલાંવાંનાં બ્રાહ્મણના હાથને વિષે આપવાં. એ સર્વ બુધનું દાન કહેલું છે. ॥ ૨૯ ॥

अथ गुरुदानम्

रथोद्धता—वृत्तम्

सर्करा च रजनी तुरंगमं । पीतधान्यमपि सुपीतांबरं ॥ पीतपुष्पलवणं च कांचनं । प्रीतये सुरगुरुं प्रदीयतां ॥ ३० ॥

गुरु ॥ ५ ॥

१ साकर ।
२ हळदर ।
३ अश्व ।
४ पीळु धान्य ।



५ पीळु वस्त्र ।
६ पीळां पुष्प ।
७ मीठु ।
८ सुवर्ण ।

उत्तरमां मोटुं चोखंडुं मडळ अं. ६, सिंधुदेशमां जन्म, अंगिरसगोत्र, पीळोवर्ण, धन अने मीन राशिनो स्वामी, जप १९०००

અર્થ—સાકર, હળદર, અશ્વ, (ઘોડા) પીળું ધાન્ય, (ચણાની દાળ) પીળું વસ્ત્ર, પીળાં પુષ્પ, મીઠું અને સુવર્ણ એ સર્વનું ગુરૂને અર્થે દાન આપવું. ॥ ૩૦ ॥

अथ शुक्रदानम्

उपजाति वृत्तम्

चित्रांबरं शुभ्रतरस्तुरंगो । धेनुं सवत्सां रजतं सुवर्णं ॥ सतंण्डुलं चापिसुगंधयुक्तं । वदंतिदानं भृगुनंदनाय । ३१ ॥

शुक्र ॥ ६ ॥

१ विचित्र वस्त्र ।
२ धोळो अश्व ।
३ सवत्सा गाय ।
४ रुपु ।



५ सुवर्ण ।
६ चोखा ।
७ सुगंधवाळी सुखड
८ धोळां पुष्प ।

पूर्वमां पांचखूणावाळुं मंडळ, भोजकटदेशमां जन्म, भार्गवसगोत्र धोळोवर्ण, वृष अने तुला राशिनो स्वामी जप १६०००

અર્થ—વિચિત્ર વસ્ત્ર, ધોળો અશ્વ, વચ્છ સહિત ગાય, રૂપુ, સુવર્ણ, ચોખા સહિત સુગંધવાળી સુખડ અને સ્વેત પુષ્પ એ સર્વ દાન શુક્રને વાસ્તે કહેલું છે. ॥ ૩૧ ॥

अथ शनिदानम्

माषांश्च तैलं विमलेंद्रनीलं। नीलांबरं स्यान्महिषी च लोहं॥ सदक्षिणं चेति वदंतिनूनं। दुष्टाय दानं रविनंदनाय॥ ३२॥

शनि ॥ ७ ॥

१ अडद ।
२ तेल ।
३ काळो मणि ।
४ कालु वस्त्र ।



५ भेंस ।
६ लोढुं ।
७ दक्षिणा ।

पश्चिममां धनुषाकार मंडळ, आंगुळ २, सोरठदेशमां जन्म, कश्यपगोत्र, मकर अने कुंभ राशिनोस्वामी, काळोवर्ण, जप२३०००

અર્થ—અડદ, તેલ, કાળો મણિ, કાળું વસ્ત્ર, ભેંશ, તથા લોઢું એ સર્વ દક્ષિણા સહિત દાન દુષ્ટ એવા શનિને માટેજ કહેલાં છે. ॥ ૩૨ ॥

अथ राहुदानम्

गोमेद रत्नं च तुरंगमं च । सुनीलचैलं नीलकंबलञ्च ॥ तिलाश्च तैलं खलुलोहमिश्रं । स्वर्भानवे दानमिदं वदंति ॥ ३३ ॥

राहु ॥ ८ ॥

१ गोमेद ।
२ रत्न ।
३ काळो अश्व ।
४ काळुं वस्त्र ।



५ काळो कामळो ।
६ तल ।
७ तेल ।
८ लोढुं ।

नैऋत्यमां सूपडाना अ.कारवाळुं मंडळ, अं. १२, राठीनादेश मांजन्म, पैठीनस् गोत्रकाळोवर्ण, जप १८०००

અર્થ—ગોમેદ, રત્ન, કાળો અશ્વ, કાળું વસ્ત્ર, કાળો કામળો, તલ, તેલ, તથા લોઢું આ સર્વ દાન રાહુને વાસ્તે કહેલાં છે. ॥ ૩૩ ॥

अथ केतुदानम्

वैडुर्यरत्नं सतिलं च तैलं । सुकंबलं चेति मदो मृगस्य ॥ वस्त्रं च केतोः परितोषहेतो । रुदिरितं दानमिदं मुनींद्रैः ॥ ३४ ॥

केतु ॥ ९ ॥

१. वैडुर्यमणि ।
२ रत्न ।
३ तल ।
४ तेल ।



५ श्रेष्ठ कांबळो ।
६ कस्तुरी ।
७ वस्त्र ।

वाव्यकूणमां ध्वजाकार मंडळ कत. अं. ६, अंतर्वेदशमां जन्म, जैमीनीस गोत्र, धूमाडा जेवो वर्ण जप, १७०००

અર્થ—વૈડુર્યમણિ, રત્ન, તલ, તેલ, શ્રેષ્ઠ કાંબલો, કસ્તુરી અને વસ્ત્ર આ સર્વ દાન મુનીશ્વરોએ કેતુની તૃપ્તિ માટે કહેલાં છે. ॥ ૩૪ ॥

॥ अथ दशाया दिनसंख्या आह ॥

॥ मालिनी वृत्तम् ॥

२० ५०
रविदिननखसंख्या चंद्रमा व्योमबाणैः ।
२८ ५६
क्षितितनयगजाक्षि श्चंद्रजः षट्शराणि ॥
३६ ५८
शनिरसगुणसंख्या वाक्पतिर्नागबाणै
४२ ७०
नयनयुग च राहुः सप्तति शुक्रसंख्या ॥३५॥

અર્થ—સૂર્યની દશા વિશ દિવસની, ચંદ્રની દશા પ-

ચાર દિવસની, મંગળની દશા અઠાવીસ દિવસની, બુધની દશા છપન દિવસની, શનિની દશા છત્રીશ દિવસની, ગુરૂની દશા અઠ્ઠાવન દિવસની, રાહુની દશા બેતાળીસ દિવસની અને શુક્રની દશા સીતેર દિવસની જાણવી. ॥ ૩૫ ॥

॥ अनुष्टुप् वृत्तम् ॥

जन्मना विंशतिः सूर्य, तृतिये दश चंद्रमाः ॥
चतुर्थे भौम चाष्टौ च, षष्ठे वेद बुधस्तथा ॥ ३६ ॥
सप्तमे शनिदशाश्चैव, नवमोगुरुरष्टमे ॥
दशमे विंशती राहुः शेषाः शुक्रदशास्मृताः॥३७॥

અર્થ—હરકોઇ રાશીને પોતાની રાશીનો સુર્ય થાય તે દિવસથી વિશ દિવસ સુધી સુર્યની દશા રહે, પોતાની રાશીથી ત્રીજી રાશીના દશ દિવસ જતાં સુધી ચંદ્રની દશા રહે, ચોથી રાશીના આઠ દિવસ જતાં સુધી મંગળની દશા રહે, છઠી રાશીના ચાર દિવસ જતાં સુધી બુધની દશા રહે, સાતમી રાશી પુરી થાય ને ઉપર બે દિવસ જાય ત્યાં સુધી શનીની દશા રહે, નવમી રાશીના આઠ દિવસ જાય ત્યાં સુધી ગુરૂની દશા રહે, દશમી રાશીના વિશ દિવસ જાય ત્યાં સુધી રાહુની દશા રહે અને બાકીની રાશીના દિવસ પુર્ણ થાય અર્થાત સીતેર દિવસ જાય ત્યાં સુધી શુક્રની દશા રહે છે. ।૩૬। ।૩૭।

॥ अथ दशाफलमाह ॥

॥ शार्दुल विक्रीडित वृत्तम् ॥

सूर्यो वित्तविनाशनं प्रकुरुते धर्मार्थलाभं शशी ॥
भौमः शस्त्रविघातरोगमरणं चंद्रात्मजः संपदं ॥
मंदो मंदगति र्गुरुश्च विभवं राहुस्तथा बंधनं ।
सर्वाभिष्टफलप्रदो निगदितःशुक्रोदशासंस्थितः३८

અર્થ—સૂર્યની દશા ધનનો નાશ કરે છે, ચંદ્રની દશા ધર્મ અને ધનનો લાભ કરેછે, મંગળની દશા શસ્ત્રથી પીડા, રોગ અને મરણ કરેછે, બુધની દશા સંપત્તિ આપે છે. શનીની દશા દુ:ખ આપે છે, ગુરૂની દશા વૈભવ આપે છે, રાહુની દશા બંધન પ્રાપ્ત કરેછે અને શુક્રની દશા સર્વ પ્રકારના ઇષ્ટ ફળ આપે છે. ૩૮

॥अथ गतवस्तु लाभालाभ तथा तस्कर विचारः॥

मेषे वर्षे दिशि पूर्व, अग्नियां मिथुने तथा ॥
दक्षिणे कर्कटे ज्ञेयो, नैऋत्यां सिंह इक्षते ॥ ३९ ॥
कन्याया मुत्तरेज्ञेयं, प्रतीच्यां तुलवृश्चिके ।
धने चैव तु वायव्यां मकरे कुंभे तथोत्तरे ॥
मीने इशानतो ज्ञेय मेतत्तस्कर लक्षणं ॥ ४० ॥


અર્થ—મેષ તથા વર્ષ લગ્નમાં ખોવાએલી વસ્તુ પૂર્વ દિશામાં ગઈ છે, મિથુન લગ્નમાં ખોવાએલી વસ્તુ અગ્નિ કોણમાં ગઇ છે, કર્ક લગ્નમાં ખોવાએલી વસ્તુ દક્ષિણ દિશામાં ગઇ છે, સિંહ લગ્નમાં ખોવાએલી વસ્તુ નૈરૂત્ય કોણમાં ગઈ છે, કન્યા લગ્નમાં ખોવાએલી વસ્તુ ઉત્તર દિશામાં ગઈ છે, તુલ તથા વૃશ્ચિક લગ્નમાં ખોવાએલી વસ્તુ પશ્ચિમ દિશામાં ગઇ છે, ધન લગ્નમાં ખોવાએલી વસ્તુ વાયવ્ય કોણમાં ગઇછે, મકર અને કુંભ લગ્નમાં ખોવાએલી વસ્તુ ઉત્તર દિશામાં ગઇ છે. મીન લગ્નમાં ખોવાએલી વસ્તુ ઈશાનકોણમાં ગઈ છે એમ સમજવું. એ પ્રમાણે ચોરનું લક્ષણ જાણવું. ૩૯ ૪૦

मेषे च ब्राह्मण श्चौरो वर्षे च क्षत्रीयो भवेत् ॥
मिथुने वैश्य श्चौराश्च कर्कटे शुद्र एव च ॥
सिंहे तु स्वजन श्चौरः कन्यायां च कुलांगना॥४१॥
पुत्रो वा यदिवा भ्राता तुलायां तस्करो भवेत् ॥
वृश्चिके भ्रातृ चौरश्च भार्या चौहो धनेऽपि च ॥४२॥
मकरे वैश्य श्चौरश्च कुंभे च मुषिकस्तथा ॥
मीने धरणीगतं प्रोक्तं, नान्यथा तस्करो भवेत् ॥४३॥

અર્થ—મેષ લગ્નમાં ખોવાએલી વસ્તુનો ચોર બ્રાહ્મણ જાણવો, વર્ષ લગ્નમાં ખોવાએલી વસ્તુનો ચોર ક્ષત્રીય જાણવો, મિથુન લગ્નમાં ખોવાએલી વસ્તુનો ચોર વૈશ્ય જાણવો, કર્ક

લગ્નમાં ખોવાએલી વસ્તુનો ચોર શુદ્ર જાણવો, સિંહ લગ્નમાં ખોવાએલી વસ્તુનો ચોર સ્વજન (પોતાનો માણસ) જાણવો, કન્યા લગ્નમાં ખોવાએલી વસ્તુનો ચોર કુલની સ્ત્રી જાણવી, તુલા લગ્નમાં ખોવાએલી વસ્તુનો ચોર પુત્ર અથવા ભાઈ જાણવો, વૃશ્ચિક લગ્નમાં ખોવાએલી વસ્તુનો ચોર ભાઇ જાણવો, ધન લગ્નમાં ચોરાએલી વસ્તુનો ચોર સ્ત્રી જાણવી, મકર લગ્નમાં ખોવાએલી વસ્તુનો ચોર વૈશ્ય જાણવો, કુંભ લગ્નમાં ચોરાએલી વસ્તુનો ચોર ઉંદર જાણવો અને મીન લગ્નમાં ખોવાએલી વસ્તુ પૃથ્વીમાં ગઇ છે એમ કહેવું. અન્યથા હોય નહી. ૧૪૧। ૧૪૨। ૧૪૩।

खोवायेली वस्तुनी दिशा अने चोर जाणवानुं चक्र.



उच्च नीचग्रहबोधक चक्र

र.	चं.	मं.	बु.	बृ.	शु.	श.	रा.	के.	ग्रह.	
०१	०२	१०	०६	०४	१२	०७	०३	०८	राशि	उच्च.
१०	०३	२८	१५	५	२७	२०	००	००	अंश	
०७	०८	०४	१२	१०	०६	०१	०८	०३	राशि	नीच.
१०	०२	२८	१५	०५	२७	२०	००	००	अंश	

इति प्रश्नभावः समासः

॥ अथ पित्रादि दोषविचार ॥

पितृजनकृतदोषो दाहतृष्णापि चिंता ज्वरवमन-
शिरोऽर्ति मेषलग्नेऽङ्गपीडा ॥ द्विजवरकृतभोज्यं
तर्पण पिंडदानं । जलघटदिनपंच पिप्पलः पूज-
नीयः ॥ ४४ ॥

અર્થ—મેષ લગ્નમાં પ્રશ્ન મુકાવનારને પિતૃઓનો દોષ જાણવો. તેથી એના શરીરને વિષે દાહ, તૃષ્ણા, ચિંતા, જ્વર, વમન અને મસ્તકની પીડા એ વિગેરે દુઃખ ઉત્પન્ન થાયછે; તેની શાંતિને માટે બ્રાહ્મણ ભોજન, તર્પણ, પિંડદાન અને પાંચ દિવસ સુધી એક ઘડા પાણીથી પિંપલાની પૂજા કરવી. ૪૪

वृषे गोत्रदोषो ज्वरं तापतृष्णा । बलं निर्बलं कर्ण-नेत्रे विकारः ॥ कृते शक्तिपाठे च नैवेद्यदाने । कृते क्षीरहोमादीके रोगनाशः ॥ ४५ ॥

અર્થ—પ્રશ્ન, વર્ષ લગ્નમાં આવ્યું હોય તો ગોત્રનો દોષ જાણવો, એથી તે માણસને જવર, તાપની તૃષ્ણા, બલનો નાશ અને કાન તથા આંખને વિષે વિકાર થાય છે. તેની શાંતિને માટે દુર્ગા પાઠ, દેવીને નૈવેદ્યનું દાન અને ક્ષીર વિગેરેનો હોમ કરવાથી તે રોગો નાશ પામે છે. ૪૫

सदा देवि दोषो यदायुग्मलग्ने । कटौ च व्यथा अंगभंगो भ्रमश्च ॥ पिठः स्थापनं पूजनं पिंडदानं। शताष्टाहुतीं गुग्गुलस्यापि कुर्यात् ॥ ४६ ॥

અર્થ—મિથુન લગ્નમાં પ્રશ્ન આવ્યું હોય તો દેવીનો દોષ જાણવો. તેથી કેડમાં પીડા અંગનું ભાંગી જવું અને ભમી જવું એ વિગેરે દુઃખ થાયછે તેની શાંતિ વાસ્તે દેવીનું પીઠ સ્થાપન કરી પૂજન કરી પિંડદાન કરવું તેમજ ગુગલ ની એકસોને આઠ આહુતિ દેવી. ૪૬

कर्कोदये शाकिनी दोषमुग्रा मजीर्ण वातामुख शीर्ष पीडा नैवेद्यदानं पयसापि माषै र्घृतप्रदीपैः कृत दोषनाशं ॥ ४७ ॥

અર્થ—કર્કના ઉદયને વિષે લગ્ન આવ્યું હોય તો શાકી

નીનો મહા ભયંકર એવો દોષ જાણવો. તેથી અજીર્ણ, વાયુ અને મુખ તથા મસ્તકની પીડા થાય. તેની શાંતિ ઘીનો દીવો કરી દુધ તથા અડદનું નૈવેદ્ય કરવું, જેથી તે દોષનો નાશ થાય છે. ૪૭

सिंहोदये प्रेत मलीन दोषो। अग्निप्रकोपं वमना-
तिसारं ॥ दर्भैः कृतं पूतलिका विधानं। भोज्यं
कृतंपिंड तीलतर्पणं च ॥ ४८ ॥

અર્થ—સિંહ લગ્નને વિશે પ્રશ્ન આવ્યું હોય તો મલીન એવો પ્રેતનો દોષ જાણવો, તેથી અગ્નિનો પ્રકોપ, ઉલટી અને અતિસાર (ઝાડા) થાય, તેની શાંતિને માટે દર્ભથી પુતલ વિધાન કરી બ્રાહ્મણ ભોજન પિંડદાન અને તિલ તર્પણ કરવું.

कन्याविलग्नेकृतकर्मदोषः। प्रलापमूर्छाभ्रमदाह-
तापं ॥ षडागजाप्यं दशमांशहोमं। कृताभिषेको
खलुदोषनाशः ॥ ४९ ॥

અર્થ—પ્રશ્ન કન્યા લગ્નમાં આવ્યું હોય તો કર્મનો દોષ જાણવો. તેથી પ્રલાપ (બહુ બકવાદ) મુર્છા, ભ્રમ, દાહ અને તાપ ઉત્પન્ન થાયછે. તેની શાંતિને માટે શિવ પંચાક્ષર મંત્ર નો જાપ, તેનોજ દશાંશ હોમ અને અભિષેક કરાવવો એમ કરવાથી તે દોષનો નિશ્ચય નાશ થાય છે. ૪૯

तुले क्षेत्रपालः कृतोदोषदुष्टो। ज्वरं चांग पीडा
तथा नेत्ररक्तं ॥ घृतैरक्त पुष्पैश्च सिंदुरयुक्तं।

द्विजेंद्रायदानं तिलामाष लोहं ॥ ५० ॥

અર્થ—તુલા લગ્નને વિષે પ્રશ્ન આવ્યું હોય તો ક્ષેત્રપાલ સંબંધી દોષ જાણવો એનાથી તાવ, અંગ પીડા અને રક્ત નેત્ર વિગેરે રોગ થાય છે. તેની શાંતિ માટે ઘી અને રાતાં પુષ્પ સહિત સિંદુર તેમજ તલ અડદ અને લોઢું એ સર્વનું બ્રાહ્મણને દાન આપવું. ૫૦

वेतालदोषोऽलि लग्नेप्रकुर्यात् । ज्वरं प्रलापो भ्रम-नेत्र पीडा ॥ तस्या विधानं कणरवीर पुष्पं । सता-ष्टाहुति गुग्गुलस्य प्रकुर्यात् ॥ ५१ ॥

અર્થ—વૃશ્ચિક લગ્નનું પ્રશ્ન વેતાલ દોષને સુચવનારૂં છે તેનાથી તાવ, પ્રલાપ, ભ્રમ અને નેત્રની પીડા થાયછે. તેની શાંતિને માટે કરેણના પુષ્પ અને ગુગલ સહિત ઘીની એકસોને આઠ આહુતિ આપવી. ૫૧

महामाहा दोषो धनेचैव लग्ने शीर्षे च पीडा ज्वरोगातभंगम् ॥ तस्मात् कृत्वा पूतलं क्षेत्रपालं चंडी विधानं कृतदोषनाशः ॥ ५२ ॥

અર્થ—ધન લગ્નમાં આવેલું પ્રશ્ન મહામારીનો દોષ પ્રગટ કરેછે, તેથી માથાને વિષે પીડા, તાવ અને ગાત્રનો ભંગ થાયછે. માટે પૂતલ વિધાન કરી ક્ષેત્રપાલનું પૂજન કરી ચંડીનુ વિધાન કરવું. જેથી તે દોષનો નાશ થાય. ૫૨

मृगे मार्गिणी रेफणी क्षेत्रपालाः। सदा नेत्र भंगो ज्वरो देहभंगम्॥ कृतं पुतलं रक्त पुष्पैर्युतं च । कृतस्नान रुद्रीकृतो दोषनाशः॥ ५३॥

અર્થ—મકર લગ્નમાં પ્રશ્ન આવ્યું હોય તો માર્ગિણી રેફણી અને ક્ષેત્રપાલના દોષ જાણવા તેથી નેત્ર પીડા, તાવ અને દેહનો ભંગ થાયછે તેની શાંતિને માટે પ્રથમ સ્નાન કરી દર્ભથી કરેલા પુતલાની રાતા પુષ્પથી પૂજા કરી રૂદ્રાભિષેક કરવો જેથી તે દોશની શાંતિ થાય. ૫૩

घटे पूर्वजो गोत्र देव्यादि दोषो।ज्वरोद्वेग शोकातिसारं तथैव॥जलं पिप्पले दियते पिंडदानं तिलंतर्पणं ब्रह्मभोज्यादिकं च॥ ५४।

અર્થ—કુંભ લગ્નમાં આવેલું પ્રશ્ન પૂર્વજનો અથવા ગોત્ર દેવીનો દોષ સૂચવે છે. તેથી તાવ, ઉદ્વેગ, શોક, અતિસાર વિગેરે રોગ થાય છે, તેની શાંતિને માટે પિંપલે પાણી રેડી, પીંડ દાન કરી, તિલ તર્પણ કરી બ્રાહ્મણને ભોજન કરાવવું.

मीने शाकिनी कर्कशा दोषउग्राः। हृदि जाठरे दाहपीडा ज्वरं च॥ कृतं पारणं ब्रह्मभोज्यादिकं च। सताष्टाहुति गुग्गुलस्य प्रकुर्यात् ५५

અર્થ—મીન લગ્નમાં મુકેલું પ્રશ્ન શાકિનીનો ઉગ્ર દોષ

સૂચવનારૂં છે. તેથી હૃદયમાં અને પેટને વિષે પીડા તથા તાવ વિગેરે થાયછે તેની શાંતિને માટે ગુગલનો હોમ તથા બ્રહ્મ ભોજનાદિક કરવું. ૫૫

विवस्वान् यदाचाष्टमोरिःफसंस्थो तदा क्षेत्र-पालो महादोषकारी ॥ अजेशाकिनी पूर्वजोसिं-हगेर्केसितदेविदोषो बुधेपूर्वजस्य ॥ ५६ ॥ शनी दृष्टिदोषो भवेत् आत्मजाति ॥ गुरु अंबिकाविघ्न कर्त्तायदास्यात् ॥ ५७ ॥

અર્થ—જો મીન રાશિનો સૂર્ય આઠમે હોય તો, ત્યારે મહા દોષકારી ક્ષેત્રપાળનો દોષ સમજવો. મેષનો હોય તો શાકિનીનો સિંહનો હોયતો પુર્વજનો દોષ જાણવો અને જો ચન્દ્ર હોયતો દેવિદોષ, બુધ હોયતો પુવજનો, શનિ હોયતો આત્મજાતિનો દૃષ્ટિ દોષ તથા ગુરૂ હોયતો વિઘ્ન કર્ત્તા અમ્બિકાનો દોષ જાણવો. ૫૬ ૫૭

इति ग्रहगोचर समाप्तम्.

॥ अथ लग्न बाराही ॥

બાળકના પ્રસવ સમય લગ્ન કુંડળી ઉપર થતાં અનુમાનો!

આ ચાલતા સમયમાં ઘણુ કરીને એવી રૂઢીનો ફેલાવો થયેલ છે કે, જે વખતે બાળકનો જન્મ થાય છે, તે વખતે પંડિત કે જોશીને જઈ બાળકનાં સંબંધીઓ પુછે છે કે,- સુવાવડના ઘરમાં કેટલી સ્ત્રીઓ હતી ? અને દીવો કઈ દિશાએ હતો ? વગેરે વગેરે પ્રશ્નો પુછવામાં આવે છે, તે માટે અમો તે વિષેનો સ્હેલાઇથી ખુલાસો મળે તેવા પ્રકાર બહુ મહેનતે શોધી કાહાડી સુજ્ઞ વાંચકોના સમક્ષ રજુ કર્યા છે.

પ્રાચિન જ્યોતિષ વિદ્યાના કર્ત્તા મેષ, વૃષ, સિંહ અને મકર આ ચાર લગ્નને શબ્દ વાચી, તુલા, કુંભ અને કન્યા આ ત્રણ લગ્નને અરધ શબ્દ કારિણી અને બાકીનાં પાંચ લગ્નો શબ્દ રહિત માનેલા છે.

सामान्य नियम ॥ २ ॥

[મીન] અને [મેષ] લગ્ન જન્મ વખતની લગ્ન કુંડળી માં પ્રથમ સ્થાપન થાય તો, જાણવું કે બાળકના જન્મ સમય બે સ્ત્રી બીજી હતી, [વૃષ] અને [કુંભ] લગ્ન આવ્યું હોય તો, ચાર સ્ત્રીઓ, [તુલા] અને [કન્યા] લગ્ન આવ્યું હોય તો, સાત સ્ત્રીઓ, [ધન] અને [કર્ક] લગ્ન આવ્યું હોય તો, પાંચ સ્ત્રીઓ અને બાકીનાં ચાર લગ્નોમાં ત્રણ સ્ત્રીઓ જાણવી.

विशेष विवेचन ॥ ३ ॥

[મેષ, વૃષ] અને [મિથુન લગ્ન] જન્મની લગ્ન કુંડળીમાં આવે તો જાણવું કે સુવાવડના ઘરમાં બાળકના જન્મ વખતે દઈઆણી હલકી જાતની, જન્મતાં વેંત બાળક સ્હેજ રોયું, નાયડો છુટો આવેલો, જન્મ સમય સ્ત્રીઓ છ, બાળકનો પિતા ઘરમાં ન હતો, અને બાળકની માતાના મ્હોં સામે દીવો હોવો જોઇએ.

कर्क लग्न ॥ ४ ॥

કર્ક લગ્ન આવ્યું હોય તો, બાળકની માનુ માથુ ઉત્તરમાં, દઈઆણી હલકી જાતની, જન્મ થતાં વેંતજ બાળક રોયું તથા છિંકયું, નાયડો છુટો આવેલો, સુવાવડના ઘરમાં સ્ત્રી ચાર; તેમાં એક પછીથી આવેલી, દીવો બે વખત કરવો પડેલો, બાળકના ડાબા અંગમાં લાખુ, માતા પ્રસવ સમય કષ્ટાયલી અને તેને સુવાના ખાટલાના ઓસીસા તરફનો પાયો ફાટેલો હોવો જોઇએ.

सिंह लग्न ॥ ५ ॥

સિંહ લગ્ન આવ્યું હોય તો, પ્રસુતાનું માથુ પુર્વમાં, બાળક જન્મતાં વેંત રોએલું, બાળકનો પિતા ઘરમાં હતો, સુવાવડના ઘરમાં સ્ત્રીઓ તે વખતે ત્રણ; તેમાં એક પછીથી આવેલી, દીવો બે વાર કરવો પડેલો અને પાંગઠ તરફનો ખાટલાનો પાયો ખંડિત થએલો હોવો જોઇએ.

कन्या लग्न ॥ ६ ॥

કન્યા લગ્ન આવ્યું હોય તો, બાળકની માતાનું માથું પશ્ચિમમાં, બાળકનો પિતા ઘરમાં હતો, જન્મ થતાં વેંત બાળક સ્હેજ રોયેલું, સુવાવડના ઘરમાં સ્ત્રી સાત, તેમાં બે સ્ત્રીનાં લુગડાં મેલાં હતાં, પીળી વસ્તુનુ ભોજન કરેલું, દીવો પ્રસુતાના સામો અને દાઈઆણી હલકી જાતુની હોવી જોઇએ.

तुला लग्न ॥ ७ ॥

તુલા લગ્ન આવ્યુ હોય તો, બાળકની માનું માથું પશ્ચિમમાં, જન્મ થતાંજ બાળકે રૂદન કરેલું, બાળકનો બાપ ઘરમાં નોહોતો, નાયડા છુટો પડેલો, દાઇઆણીનાં કપડાં મેલાં, ધોળી વસ્તુનુ ભોજન કરેલુ, સુવાવડના ઘરમાં સ્ત્રીઓ ત્રણ; તેમાં એક પછી આવેલી, દીવો પછિત ભણી, ખાટલાનો પાયો ફાટેલો. પ્રસવ વખતે માતા કષ્ટાયલી, અને બાળક પૃથ્વી ઉપર આવતાં રોયેલું હોવું જોઇએ.

वृश्चिक लग्न ॥ ८ ॥

વૃશ્ચિક લગ્ન આવ્યું હોય તો, બાળકની માતાનું મસ્તક ઉત્તરમાં, દાઇઆણી હલકી જાતિની, બાળકનો પિતા ઘરમાં હતો, નાયડા વળગેલો, સુવાવડના ઘરમાં સ્ત્રીઓ છ; તેમાં એક પછીથી આવેલી, જન્મતાં વેંત બાળકે છિંક ખાધેલી, લાલ રાતી વસ્તુનું ભોજન કરેલું, માતા કષ્ટાએલી અને પિતાને પણ કષ્ટ થએલું હોવું જોઇએ.

धन लग्न ॥ ९ ॥

ધન લગ્ન આવતુ હોયતો; બાળકની માનુ મસ્તક પુર્વ તરફ ભણી, બાળકનો પિતા ઘરમાં હતો, દઈઆણી ઉત્તમ જાતિની, સુવાવડના ગૃહમાં ત્રણ સ્ત્રીઓ; તેમાં એક ગર્ભવંતી; ખાટલાનો પાયો ફાટેલો, પીળી વસ્તુનું ભોજન કરેલુ, એક નિચ જાતિની દઈઆણી પાછળથી આવેલી, બાળક બુદ્ધિવંત થશે અને પિતાને કાંઈક લાભ થવો જોઇએ.

मकर लग्न ॥ १० ॥

મકર લગ્ન આવતુ હોય તો, સુવાવડીનું મસ્તક દક્ષિણમાં, બાળકનો પિતા ઘરમાં નહતો, જન્મ થતાં વેંત બાળક છીંકેલુ, નાયડો છુટો પડેલો, દઇઆણી નીચ જાતિની, સુવાવડના ઘરમાં પ્રસવ વખતે બે સ્ત્રીઓ; તેમાં એક પછીથી આવેલી અને કાળી વસ્તુનુ ભોજન કરેલુ હોવું જોઈએ.

कुंभ लग्न ॥ ११ ॥

કુંભ લગ્ન આવતું હોય તો, બાળકની માતાનું માથુ પશ્ચિમમાં, બાળકનો બાપ ઘરમાં હતો, માતા કષ્ટ પામેલી, દઇઆણી બે; તેમાં એક પેહેલી નિચ જાતિની, જન્મતાં વેંત બાળક રોએલું, બાળકના ડાબા અંગમાં લાખું સુવાવડના ઘરમાં ચાર સ્ત્રીઓ તે પૈકી એક પછીથી આવેલી અને એક ગર્ભવતી તથા ખાટલાનો પાયો ખંડીત થએલો હોવો જોઇએ.

मीन लग्न ॥ १२ ॥

મીન લગ્ન આવતું હોય તો, પ્રસુતાનું માથું ઉત્તરમાં, દઢઆણી ઉત્તમ જાતિની, સુથાર'ના ઘરમાં સ્ત્રીઓ બે કિંવા ઓછી વયની, તેઓનાં વસ્ત્ર ઉત્તમ અને ધોળી વસ્તુનું ભોજન કરેલુ હોવું જોઈએ.

આ પ્રમાણે જન્મની લગ્ન કુંડળી મુકતાં વેંતજ અનુમાન પ્રમાણે અને શાસ્ત્ર પ્રમાણથી કહી શકાય વા જાણી શકાય છે. માટે પ્રત્યેક સુજ્ઞ સજ્જનો આ અગત્યના વિષયની વાર્તા પ્રેમસહ ગ્રહણ કરવી ઘટે છે.

पुस्तको मळवानुं ठेकाणुं.

हरगोवनदास हरजीवनदास.

पुस्तकवाळा.

त्रणदरवाजा-अमदावाद.